# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21/12/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ધોરણ-12માં પ્રવેશ મેળવનારી દીકરીઓની સંખ્યામાં 14 ટકાનો વધારો થયો.**
2. **ગુજરાતના મત્સ્યોદ્યોગ ક્ષેત્રની સંપૂર્ણ સંભાવનાનો ઉપયોગ' વિષય પર સોમનાથ ખાતે રાષ્ટ્રીય સ્તરનો સેમિનાર યોજાયો.**
3. **ગાંધીનગરમાં બાળા ઉપર દુષ્કર્મ આચરનારે ભાગવાનો પ્રયાસ કરતાં પોલીસે કરેલા ફાયરિંગમાં આરોપીના પગમાં ગોળી વાગી.**
4. **વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ‘રાણી અબક્કાદેવી યુવા મહોત્સવમાં 134 કોલેજોના વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો**
5. **પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ગુજરાત ઝોનના હીરક જયંતિ મહોત્સવ નિમિતે આજે અમદાવાદના યુનિવર્સિટી મેદાનમાં શાંતિ અનૂભૂતિ દિવ્ય સમારોહ યોજાશે.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM MEHSANA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મહેસાણા જિલ્લાના ધુમાસણ ખાતે શ્રી જીવણસિંહજી જુવાનસિંહજી સોલંકી પ્રાથમિક શાળાના લોકાર્પણ તથા નામકરણ સમારોહ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે તેમણે જણાવ્યું, ધોરણ-12માં પ્રવેશ મેળવનારી દીકરીઓની સંખ્યામાં 14 ટકાનો વધારો થયો છે.

## બાઇટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી

---

# SOMNATH FISHERIES WORKSHOP

સોમનાથ ખાતે 'ગુજરાતના મત્સ્યોદ્યોગ ક્ષેત્રની સંપૂર્ણ સંભાવનાનો ઉપયોગ' વિષય પર રાષ્ટ્રીય સ્તરનો સેમિનાર યોજાયો. મત્સ્યોદ્યોગ ભારતના અર્થતંત્રનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

આ ક્ષેત્રનો પૂર્ણ કક્ષાએ વિકાસ કરી કઈ રીતે ભારતની જી.ડી.પી.માં તેમનો હિસ્સો વધારી શકાય તે અંગેનું મનોમંથન કરવા માટે સોમનાથ ખાતે 'ગુજરાતના મત્સ્યોદ્યોગ ક્ષેત્રની સંપૂર્ણ સંભાવનાનો ઉપયોગ' વિષય પર રાષ્ટ્રીય સ્તરનો સેમિનાર યોજાયો હતો.

કૃષિ અને મત્સ્યોદ્યોગ મંત્રી જીતુ વાઘાણીએ આ અવસરે જણાવ્યું હતું કે, સરકારે વર્ષો પહેલા મત્સ્યોદ્યોગ ક્ષેત્રની વિકાસ સંભાવનાઓને પારખીને તેનો

રોડમાર્ગ કંડાર્યો હતો. તે દિશામાં મત્સ્યોદ્યોગ ક્ષેત્રને આપણે સમયાનુકૂળ પરિવર્તન કરી ભારતની વિકાસ કડીમાં સહભાગી બનાવવો છે.

---

## GANDHINAGAR AROPI ENCOUNTER

ગાંધીનગરમાં સેક્ટર-24માં રહેતી એક બાળા ઉપર દુષ્કર્મ આચરનારા આરોપીને પોલીસે ગોળી મારી દીધી હતી. ઇન્દિરાનગર છાપરામાથી એક બાળાને ઉઠાવી જઇને જંગલમાં દુષ્કર્મ આચરનારા બિહારના આ આરોપીને પોલીસે ઝડપી લીધો હતો.

ગઇકાલે રિકન્સ્ટ્રકશન માટે તેને સ્થળ ઉપર લઇ જવાયો હતો આ દરમિયાન તેણે પોલીસની કસ્ટડીમાંથી ભાગવાનો પ્રયાસ કર્યં હતો ત્યારે મહિલા પોલીસ ઇન્સપેક્ટર તેને ગોળી મારી હતી.

આરોપીને પગમાં ગોળી વાગી હતી. તેવી માહિતી ગાંધીનગર ના જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટીએ આપી હતી.

---

## PMJAY AYUSHMAN

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના આયુષમાન ભારત ગરીબ અને જરૂરિયાતમંદ માટે જીવનદાન સાબિત થઈ રહી છે. નર્મદા જિલ્લાના રાજપીપળાના જશવંતસિંહ સંગાડા માટે આ યોજના આશીર્વાદ સામાન બની છે. અકસ્માતનો ભોગ બનેલા જશવંતસિંહને આયુષમાન કાર્ડ દ્વારા વિના મૂલ્યે સારવાર મળતા સરકારનો આભાર માને છે.

# બાઇટ : જશવંતસિંહ સંગાડા, લાભાર્થી

---

## VGRC IN RAJKOT

રાજકોટ ખાતે પ્રધાનમંત્રીની સંભવિત ઉપસ્થિતિમાં આગામી 10 જાન્યુઆરીથી 12 જાન્યુઆરી દરમિયાન યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત રીજીયોનલ કોન્ફરન્સ (VGRC)ના આયોજન અંગે જિલ્લા કલેકટર ઓમ પ્રકાશની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ.

આ આયોજન અંગે જિલ્લા કલેક્ટર દ્વારા 20 સમિતિઓ નિમવામાં આવી છે. આ ત્રિદિવસીય કોન્ફરન્સ દરમિયાન 40થી 45 સેમિનાર યોજવાનું આયોજન ઘડાઈ રહ્યું છે. આ માટે 25 હજાર ચોરસ મીટર વિસ્તારમાં ૬ ડોમ્સની રચના કરવામાં આવશે જેમાં 12થી વધુ સરકારી વિભાગોના સ્ટોલ્સ રાખવામાં આવશે.

---

## RAJKOT SANKALAN BETHAK

રાજકોટ જિલ્લાની આ મહિનાની ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક કલેક્ટર કચેરી ખાતે યોજાઇ હતી. જેમાં જન પ્રતિનિધિઓએ રજૂ કરેલા વિવિધ 51 પ્રશ્નો વિશે સવિસ્તર ચર્ચા કરવામાં આવી હતી.

સિવિલ હોસ્પિટલના વિવિધ વોર્ડની સફાઈ તથા અન્ય સેવાઓ વિશે કલેક્ટરે સંપૂર્ણ વિગતો મેળવી હતી અને ડીન ડો.મોનાલી માકડીયાને યોગ્ય તપાસ કરવા તાકીદ કરી હતી. તમામ સરકારી કચેરીઓમાં સોલાર રૂફટોપ ઇન્સ્ટોલ કરવા પણ કલેક્ટરે અનુરોધ કર્યો હતો.

આ બેઠકમાં પડવલા-પીપલાણા રોડ પર ટ્રાફિકની સમસ્યાનું નિવારણ , એઈમ્સથી હીરાસર એરપોર્ટ સુધી સિટી બસ શરૂ કરવા , સરકારી જમીન પરનું દબાણ દૂર કરવા , પી.એમ. સૂર્યઘર યોજના વગેરે બાબતો પર ચર્ચા કરવામાં આવી હતી.

---

## SURAT YUVA MAHOTSAV

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં 52મા ‘ રાણી અબક્કાદેવી યુવા મહોત્સવ’ને રમતગમત રાજ્ય મંત્રી ડો.જયરામ ગામીતે ખુલ્લો મૂક્યો હતો. 23 ડિસેમ્બર સુધી આયોજિત યુવા મહોત્સવમાં 134 કોલેજોના પાંચ હજાર 400 વિદ્યાર્થીઓ 34 પ્રકારની વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ રહ્યા છે.

યુવક મહોત્સવમાં કળા યાત્રા યોજાઈ હતી. જેમાં 20 કોલેજો અને કુલ 871 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. યાત્રા પ્રદર્શનીમાં નાગરિક કર્તવ્ય, નારી તું નારાયણી, રાણી અબક્કાદેવીનો જીવનસંદેશ-વીરતા- સ્વાભિમાન ગાથા, એક ભારત, શ્રેષ્ઠ ભારત, નવભારત@2047, વંદે માતરમ@150, સરદારના સ્વપ્નનું ભારત, સ્વદેશી અપનાવો-વિકસિત ભારત બનાવો જેવા વિષયો પર આધારિત પ્રદર્શન, ઝાંખીઓ વગેરેનો સમાવેશ કરાયો હતો.

---

## G RAM G SURENDRANAGAR

સંસદમાં વિકસિત ભારત – રોજગાર અને આજીવિકા ગેરન્ટી મિશન ગ્રામીણઃ વિકસિત ભારત ગ્રામીણ વિકાસ ખરડો– જી-રામ-જી 2025 પસાર કરાયો છે. આ ખરડા

**હેઠળ દર નાણાકીય વર્ષમાં દરેક ગ્રામીણ પરિવારને 125 દિવસના વેતનની કાયદાકીય બાંહેધરી અપાશે.**

**આ અંગે સુરેન્દ્રનગરના સ્થાનિક ઘનશ્યામ પરમારે પ્રતિક્રિયા આપી.**

**બાઇટ : ઘનશ્યામ પરમાર ( સ્થાનિક ) સુરેન્દ્રનગર**

---

## BRAHMA KUMARIS DIAMOND ANNIVERSARY CELEBRATION

**પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ગુજરાત ઝોનના હીરક જયંતિ મહોત્સવ નિમિતે આજે અમદાવાદના યુનિવર્સિટી મેદાનમાં "શાંતિ અનૂભૂતિ દિવ્ય સમારોહ" યોજાશે. જેમાં બ્રહ્માકુમારીઝ મુખ્યાલય માઉન્ટ આબુના સહમુખ્ય પ્રશાસિકા રાજયોગીની જયંતિ દીદીની અધ્યક્ષતામાં યોજાશે.**

**આ અંગે સાંભળીએ એક અહેવાલ...**

**(વોઇસકાસ્ટ- અજય ઇન્દ્રેકર)**

*બ્રહ્માકુમારીઝ ગુજરાત ઝોનના ડાયરેક્ટર રાજયોગીની ભારતી દીદીએ જણાવ્યું છે કે, આ કાર્યક્રમમાં 60 હજારથી વધુ શ્વેત વસ્ત્રધારી રાજયોગી બ્રહ્માકુમાર ભાઇ-બહેનો સામૂહિક મેડીટેશન કરશે. વિવિધ સાત મૂલ્ય આધારિત સપ્તરંગી ગીત, સંગીત, કલા અને સંસ્કૃતિના અનોખા સંગમ સમારોહમાં 100થી વધુ કલાકારો આધ્યાત્મિક કલાકૃતિઓ રજૂ કરશે. 60 તપસ્વી રાજયોગીની બ્રહ્માકુમારી બહેનો પવિત્રતાના પ્રતિક એવા કમળ આસન પર બેસી સામૂહિક ધ્યાન કરશે. આ પ્રસંગે બ્રહ્માકુમારીઝ ઇશ્વરીય સેવાઓની વિશેષ ઝલક પણ રજૂ કરવામાં આવશે.*

*અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર.. અમદાવાદ..*

---

# PORBANDAR DEVLOPMENT WORK

પોરબંદર જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્યની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. આરોગ્ય વિભાગ દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર , અર્બન આરોગ્ય કેન્દ્ર તેમજ ગ્રામ્ય કક્ષાએ પણ આરોગ્યની સુવિધા ઉપલબ્ધ કરવામાં ગ્રામ્ય પંથકમાં પેટા આરોગ્ય કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યા હતા.

પોરબંદર જિલ્લામાં અંદાજે **80** થી વધુ પેટા આરોગ્ય કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યા છે.હાલ ગ્રામ્ય કક્ષાએ આરોગ્ય કેન્દ્ર ભાડાના મકાન તેમજ અન્ય સરકારી કચેરીમાં કાર્યરત છે ત્યારે પી.આઈ.યુ.વિભાગ દ્વારા પોરબંદર જિલ્લાના **31** પેટા આરોગ્ય કેન્દ્રના બિલ્ડિંગનું નિર્માણકાર્યના કામનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

પી.આઈ.યુ.વિભાગે **11.78** કરોડ રૂપિયાના ખર્ચે **31** પેટા આરોગ્ય કેન્દ્રના બિલ્ડિંગ બનાવવામાં આવશે.

---

# SURAT PP SAVANI SAMUH LAGAN

સુરતમાં પી.પી.સવાણી પરિવાર દ્વારા પિતાની છત્રછાયા ગુમાવેલી દીકરીઓના 18મા સમૂહલગ્ન 'કોયલડી'ના પહેલા દિવસે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં 113 દીકરીઓના સમૂહલગ્નનો શ્રેષ્ઠ સાસુઓના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો.

આ લગ્નોત્સવમાં નાયબ મુખ્યમંત્રીએ પિતા વિહોણી દીકરીઓને આશીર્વાદ આપતા કહ્યું હતું કે કુદરતે આ દીકરીઓને કદાચ તેમના માતા-પિતાથી વિખૂટી

પાડી હશે, પરંતુ ભગવાને પિતા તરીકે મહેશ સવાણીને મોકલીને આ દીકરીઓના ચહેરા પર ખુશી અને જીવનમાં નવો વિશ્વાસ લાવવાનું ભગીરથ કાર્ય કર્યું છે.

દીકરીઓને આજીવન સહયોગ માટે "સેવા સંગઠન" એપ્લિકેશનનું નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ લોન્ચિંગ કર્યું હતું.

---

## SURENDRANAGAR SAMARPAN TROPHY

સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના સહયોગથી જય ઝાલાવાડ સિનિયર સિટીઝન ક્રિકેટ એસોસિએશન દ્વારા શ્રી સી. યુ. શાહ ક્લબ એન્ડ સ્પોર્ટ્સ એકેડમી ગ્રાઉન્ડ ખાતે "સમર્પણ ટ્રોફી 2025"નું આયોજન કરવામાં આવ્યું હતું. સાંસદ ચંદુભાઈ શિહોરાની અધ્યક્ષતામાં આ સ્પર્ધાનું સમાપાન થયું.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિજેતા ટીમો અને ખેલાડીઓને ટ્રોફી અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા. આ સ્પર્ધાથી વરિષ્ઠ નાગરિકોમાં ક્રિકેટ પ્રત્યેનો ઉત્સાહ અને સ્વાસ્થ્ય જાગૃતિને પ્રોત્સાહન મળ્યું છે.

---

## GUJCOST CONFERENCE

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા 22-23 ડિસેમ્બર 2025 ના રોજ ભારતની સૌથી મોટી વિજ્ઞાન સંચાર પરિષદ યોજાશે.

ગુજરાત સાયન્સ સિટી ખાતે "ક્વોન્ટમ સાયન્સ એન્ડ ટેકનોલોજીની પબ્લીક અંડરસ્ટેડીંગ પર આ પરિષદ યોજાશે..ગુજકોસ્ટ ક્વોન્ટમ વિજ્ઞાનના વિષયની

**જાગૃતિ પ્રસરાવવા માટે  આ બે દિવસીય કાર્યક્રમ યોજાઇ રહ્યો  છે - વિદ્યાર્થીઓ, શિક્ષકો, સંશોધકો, વિજ્ઞાન સંચારકો અને જિજ્ઞાસુ નાગરિકો માટે આ કાર્યક્રમ યોજાઇ રહ્યો છે.**

---